

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અને ગાંધીનગર લોકસભા સાંસદશ્રી @AmitShah જીની પ્રેરણાથી તુલસી વલ્લભનિધિ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક આહાર કેન્દ્ર પર બપોરે ૧૧ થી ૧ અને સાંજે ૬ થી ૭:૩૦ ભોજનની વ્યવસ્થા હોય છે, પૌષ્ટિક આહારની સાથે આજે મહિલા મોરચા દ્વારા નવરાત્રી ના પ્રથમ દિવસે એટલે હિન્દુ નવવર્ષ પર બુંદી નો પ્રસાદ પીરસ્યો.

# આજના બલિદાન દિવસે... વીરોને વંદન સાથે...!



**પ્રસંગસર**
**પ્રા. વનરાજસિંહ જાડેજા**

સ્વતંત્રતા મનુષ્યની મૂળભૂત ઝંખના છે. સ્વાધીનતા, સ્વરાજ, સ્વતંત્રતા વગેરે જેવા શબ્દોને આપણે આ દેશની આર્ષ પરંપરા અનુસાર આધ્યાત્મિક દૃષ્ટિએ પણ મૂલવવા રહ્યા. સ્વતંત્રતાની, સ્વરાજની પ્રાપ્તિ માટે ઘણા વીરોએ બલિદાન આપ્યાં છે.૧૫ ઓગસ્ટ ૧૯૪૭ સ્વત્રંતાનો ઝંડો ફરક્યો.. પ્રજાના રુદયમાં ઉલ્લાસનો દરિયો છલકાયો. પરંતુ આ દિવસો લાવવા માટે ભારતના અનેક લોકોએ બલિદાન આપ્યાં છે. કેટલાય નામી અનામી બલિદાન વીરોનાં રક્તથી સ્વત્રંતાના પગરણ થયા છે. તેમાંથી કેટલાક નામની સ્મૃતિ વંદના..!

'સરફરોશી કિ તમન્ના અબ હમારે દિલ મે હે,...મેરા રંગ દે બસંતી ચોલા" ના કવિ અને પરમાનંદ ને ફાંસી ના સમાચાર સાંભળી હું અંગ્રેજ સરકારનો નાશ કરવા જીવનભર ઝઝુમીશ ની પ્રતિજ્ઞા લેનાર ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલ..(ઘાયલ). હવામાં બારુદ ની ગંધ ભરનાર , લહુના રંગ સમાન, સરકારની નોકરીની ચિંતા કર્યા વિના તલવારની પૂજા કરનાર, ને ખરેખરા વાઘ સામે બાથ ભીડવાથી બાઘા બનનાર જતીન બાઘા .૧૮ માં વર્ષે ઘર છોડી કલકત્તા થી આગગાડીમાં અંબાલા થઈ ઘોડાગાડીમાં લાલુડ પહોંચનાર ને આંદામાનની જેલ ભોગવનાર પૃથ્વીસિંહ આઝાદ.. જેની ત્રણ ત્રણ પેઢીઓ સ્વત્રંત્રા નો મંત્ર લઈને ફરતી ને અંગ્રેજોને નહીં નમવાની નેમ લેનાર કેસરીસિંહ ચારણ..આઝાદી માત્ર અંહિંસા - સત્યાગ્રહથી નહીં મળે અને હું લડાઈનો પક્ષપાતી છું કહેનાર ગણેશશંકર વિધાર્થી.. માત્ર ૨૭ વર્ષે જાતે જ ફાંસીનો ગાળીયો ફૂલની માળા ની જેમ ધારણ કરનાર રાજેન્દ્રનાથ લહાડી..બર્માના અંગ્રેજ લેફટેનન્ટ ગવર્નરની હત્યા કરવા જતાં પહેલાં ફાંસીના માંચડે ચડનાર સોહનલાલ પાઠક.. "ઈક્લિાબ ઝિંદાબાદ" જેવા નારા ઘડનારાઓમાના એક, ભગતસિંહના સાથી ને ક્રાંતિકારીઓની વેદનાને શબ્દોમાં વ્યક્ત કરનાર ભગવતીચરણ વહોરા..પ્રચંડ દેશભક્તિ,પુરુષાર્થ,ધ્યેય નિષ્ઠાના પથિક એવા ક્રાંતિના માર્ગે જનાર મહારાજા મહેન્દ્ર પ્રતાપ..ભયભીત થયેલા અંગ્રેજોએ જેમને બ્રહ્મ દેશની રંગુનની જેલમાં ખસેડવા પડ્યા તેવા રામનાથ કૂકા.. ઈંગ્લેન્ડમાં શિક્ષણ મેળવનાર ને સરદારસિંહ રાણા પાસેથી પિસ્તોલ મેળવીને કર્ઝન વાયલી ને મારવાથી ૧૭ ઑગસ્ટ ૧૯૦૯માં ફાંસીએ ચડનાર મદનલાલ ધિંગરા.. મહર્ષિ અરવિંદના નાના ભાઈ ને અલીપુર ષડયંત્ર ના આરોપી તરીકે કાળા પાણીની સજા માટે આંદામાનમાં ધકેલવામાં આવેલ બારિન્દ્રકુમર ઘોષ..દુર્ગાવતીમાંથી ક્રાંતિકારીઓના ભાભી બનેલા દુર્ગા ભાભી.. જલિયાંવાલા બાગમાં ભીષણ હત્યા કરનાર જનરલ ડાયરને ઠાર મારવાની પ્રતિજ્ઞા કરનાર ઉધમસિંહ..આર્ય ધર્મરક્ષક તરીકે ઓળખાતા ,ફાંસીના ફંદા ને ધારણ કરવામાં તત્પરતા દાખવનાર દામોદર,બાલકૃષ્ણ,વાસુદેવ. એટલે ચાફેકર બંધુઓ.. હઝારી બાગની ૧૭ ફૂટ ઊંચી જેલ તોડી ભાગી , સારા આકાશ તુમ્હારા હે કહી ક્રાંતિકારી પ્રવૃત્તિને વેગ આપનાર જય પ્રકાશ નારાયણ..કાકા કાલેલકરે જેને રાષ્ટ્ર મૂર્તિ કહ્યા છે તેવા મુનશીરામ માંથી સ્વામી બનેલા ને દયાનંદજીના સ્વપ્રને સાકાર કરતા સ્વામી શ્રધ્ધાનંદજી.. માણિક તલ્લા ષડયંત્રના નામે આજીવન કાળા પાણીની સજા મેળવનાર ઉપેન્દ્ર નાથ બંદોપાધ્યાય...કે પછી રાજારાવ તુલારામ, બિપીનચંદ્ર પાલ, લાલા લજપતરાય, નાનાસાહેબ પેશ્વા,બાબા ગુરુદત્ત સિંહ,બિરસા મુંડા,ભાઈ પરમાનંદ,કુમાર ઘોષ, લોકમાન્ય તિલક, હેમુ કાલાણી, હેડગેવાર, એમ.એન.રોય વગેરે વગેરે.

માતૃભૂમિની સ્વતંત્રતા જ જેમનું જીવનલક્ષ્ય હતું એ ક્રાંતિવીરો પરમ વંદનીય છે,પૂજનીય છે. સ્વત્રંત ભારતના પ્રત્યેક સંતાને એમને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવા રહ્યા. એમનું સમર્પણ મહાન,ઉત્કૃષ્ટ અને તોલી ન શકાય એવું છે. પરંતુ કિન્તુ,લેકિન...આ બલિદાન વીરો અંગે આજનો યુવાન,આજની પેઢી કેટલું જાણે છે એ એક મોટો પ્રશ્ન છે. સ્વાતંત્રતા ને સ્વચ્છંદતા સમજી જીવતી આજની પેઢીએ આજના પ્રસંગે આ વીરો વિશે જાણવાનો - વિચારવાનો સમય પાકી ગયો છે . કહેવાતી પર્સનલ કેરિયરની પાછળ લાગેલી આજની પેઢીને હજુ ૧૦૦ વર્ષ પહેલાં જેમણે નેશનલ કેરિયરની રેખાઓ પોતાના રક્તથી દોરી છે એવા વીરોનો ઈતિહાસ અચૂક જાણવો રહ્યો. આજના તકનિકી યુગમાં માહિતી, ખોખલા મનોરંજન, ઈલોક્ટ્રોનીક કે સોશિયલ મીડિયા આપણા પર હાવી થઈ ગયા છે. આધુનિક પોપ ગાયકો કે વેલેન્ટાઈન ડે, ફ્રેન્ડ શીપ ડે ને ધૂમ ધડાકાથી ઉજવવાનું સૂઝે છે પણ રાષ્ટ્રના ઘડવૈયાના ચારિત્ર્ય જાણવા વિશે સમય નથી.આજે આપણી પાસે મૂલ્યનિષ્ઠ, જ્ઞાન - વિજ્ઞાનનો કે સાહિત્યનો પ્રભાવ ઘટી રહ્યો છે. ફિલ્મના કહેવાતા નાયકે શું કર્યુ તેની ખબર છે.પણ તેમની જ ઉંમરના છોકરાવે ( નાયક) પ્રગટાવેલી ક્રાંતિની જ્યોત વિશે કંઈ જ ખબર નથી ને દુર્ભાગ્યે એ જાણવામાં એમને રસ પણ નથી.. આપણે વારસામાં મકાન , આર્થિક સંપતિ કે કહેવાતું માહિતીલક્ષી શિક્ષણ આપવા તત્પર છીએ,પણ ભારતીય સંસ્કારો,સંસ્કૃતિ કે ગૌરવપ્રદ ઈતિહાસ બોધ આપવા માટે આપણે કેટલા ઉત્સુક છીએ..?.!.ખેર આ સર્વ બાબતમાં આપણી ભૂમિકા પણ વિચાર માંગી લે તેવો વિષય છે . અત્રે એક બાબત ગૌરવ સાથે ઉલ્લેખનીય છે કે ગુજરાતના મહર્ષિ 'દયાનંદજી - આર્ય સમાજે' અનેક વીરોમાં રાષ્ટ્રભાવનાના બીજ રોપ્યાં છે કવિ,લેખક, ચિંતક ભગતસિંહનું કુટુંબ પણ તેમાંનું એક છે. લાહોરમાં દયાનંદ સ્કૂલ...!રામપ્રસાદ બિસ્મિલ્ તો કહે છે કે ઘર છોડી શકું આર્ય સમાજ નહિ. શ્યામજી કૃષ્ણવર્મા વગેરે પણ આર્યસમાજી...આજના દિને ભગતસિંહ,સુખદેવ, રાજગુરુ વગેરે બલિદાન વીરોને કોટિ કોટિ વંદન...!



સેકટર ૫ ખોડિયાર મંદિર ખાતે ગાધીનગર યુવા ફાઉન્ડેશન દ્વારા ચકલી ઘર તથા પક્ષીઓને ઉનાળામાં પાણી પીવાના કુડા વિતરણ કાયેક્રમ રાખવામાં આવ્યો હતો. સેકટરના વસાહતીઓ તથા મંદિરે આવતા દર્શનાથીઓને ફાઉન્ડેશન દ્વારા ચકલી ધર તથા કુડાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેશરીસિહ બિહોલા પ્રમુખ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ તથા સેકટર ૫ યોગ પરિવારના સભ્યો હાજર રહ્યા હતા અને સેવાઓ આપી સહકાર આપવામાં આવ્યો હતો

# પવિત્ર રમઝાન માસનો આવતીકાલે પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૨

મુસ્લિમોના પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થઈ રહ્યો છે. આ સમગ્ર માસ દરમ્યાન મુસ્લિમ બિરાદરો રોઝા (ઉપવાસ) કરશે અને અલ્લાહની બંદગીમાં સમય પસાર કરશે.

ઈસ્લામિક કેલેન્ડર મુજબ રમઝાન માસ નવમો મહિનો છે જેને સૌથી પવિત્ર ગણવામાં આવે છે. આ સમગ્ર મહિના દરમ્યાન રોઝા ઉપવાસ કરવામાં આવે છે. સવારે સૂર્યોદય પહેલા રોઝા શરૂ થાય છે અને સાંજે સૂર્યાસ્ત બાદ રોઝા સમાપ્ત થાય છે. આ માસ દરમ્યાન રોઝા રાખવાની સાથે અલ્લાહની બંદગી કરવામાં આવે છે અને કુરાનની તીલાવત (પઠન) કરવામાં આવે છે.

એવુ કહેવાય છે કે આ માસ દરમ્યાન 'કુરાન'ની આયતો પ્રાપ્ત થઈ હતી. સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં મુસ્લિમ વસ્તી છે ત્યાં ત્યાં પવિત્ર રમઝાન માસની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવે છે.

ચાંદ અનુસાર ક્યારેક ૨૯ તો ક્યારેક ૩૦ રોઝા કરવામાં આવે છે. રોઝા ઈસ્લામના પાંચ સ્તંભોમાં એક ગણાય છે. રોઝાનો એક ઉદ્દેશ્ય વ્યક્તિની ઈચ્છાઓ (ખાવુ, પીવુ અને ક્રોધ) પર કાબુ મેળવી અલ્લાહની બંદગીમાં લીન થવાનો અવસર છે.

રોઝા પૂર્ણ થયા બાદ ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં પણ રમઝાન માસના પ્રારંભે વિવિધ તૈયારીઓ કરવામાં આવી છે. મસ્જિદોમાં વિશેષ નમાઝની તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. ગૃહિણીઓ રમઝાન માસની ખરીદીમાં વ્યસ્ત બની છે. ગુરૂવાર અથવા શુક્રવારથી રમઝાન માસનો પ્રારંભ થઈ જશે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી ખાતે યોજાનારી નેશનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે

ગાંધીનગર, તા.૨૨

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૨૫ માર્ચ, ૨૦૨૩ના રોજ કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી ખાતે ડ્રોન ટેક્નોલોજી પર યોજાનારી એક દિવસીય નેશનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા સચિવશ્રી અતુલકુમાર તિવારી પણ આ શુભ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

આ કોન્ફરન્સનું આયોજન કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી (કે.એસ.યુ.) દ્વારા કરવામાં આવ્યું છે, કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ- ૨૦૨૧ માં યુવાઓને શિક્ષણની સાથે સ્કિલ મળી રહે તે ઉદેશ્ય થી કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર અભ્યાસક્રમોથી શરૂ કરી ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને ડોક્ટરેટ કક્ષાના અભ્યાસક્રમો સ્કીલ ને પ્રાધાન્ય સાથે નવી શિક્ષણનીતિ- ૨૦૨૦ ને અનુરૂપ શરૂ કરવામાં આવેલ છે.

કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની નેશનલ કોન્ફરન્સમાં ડ્રોન ક્ષેત્રે કાર્યરત ૫૦ થી વધુ ઉદ્યોગો, કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ સીવીલ એવીએશન તથા મીનીસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એન્ટરપ્રીન્યોરશીપના અધિકારીઓ, રાજ્ય સરકારના ડ્રોન ક્ષેત્રે સંકળાયેલ વિભાગના અધિકારીશ્રીઓ, સંશોધનકર્તાઓ , ડ્રોન સ્ટાર્ટઅપ્સ, શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ પ્રતિનિધિઓ અને જાહેર સાહસોના અગ્રણીઓ મળીને અંદાજે કુલ ૪૦૦ જેટલા મહાનુભાવોને આમંત્રીત કરવામાં આવેલ છે

ટેકનોલૉજી એક્સપર્ટની બનેલ વિવિધ પેનલો દ્વારા પેનલ ડિસ્કશન નું આયોજન છે મુખ્યત્વે ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન દિલ્હીના ઉચ્ચ અધિકારીશ્રી પણ આ કોન્ફરન્સમાં ભાગ લેવા પધારનાર છે, અને કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ ટેકનોલોજી ના નિષ્ણાત આ કોન્ફરન્સમાં ભાગ લેનાર છે.

# RSS દ્વારા 'વર્ષ પ્રતિપ્રદા ઉત્સવ' અને 'પંથ સંચલન- પરેડ' યોજાઈ

**'ઘ' રોડ પર યોજાયેલી પરેડમાં સંઘના ગણવેશમાં ૧૪૨ સ્વંયસેવકો સહભાગી થયા**




ગાંધીનગર, તા.૨૨

ચૈત્ર સુદ એકમ એટલે 'ચૈત્રી નવરાત્રી'નો પ્રારંભ.જેને દેશભરમાં 'ભારતીય- હિન્દુ નવ વર્ષ' તરીકે પણ ઉજવવામાં આવે છે.જેના ભાગરૂપે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ- ઈજીજી, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ 'વર્ષ પ્રતિપદા ઉત્સવ' તેમજ પંથ સંચલન-પરેડનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. આજે સવારે ૬.૩૦ કલાકે બલરામ મંદિર પરિસર, સેક્ટર - ૧૨ ખાતે યોજાયેલા કાર્યક્રમના પ્રારંભે 'ઘ' રોડ પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગણવેશમાં સજ્જ ૧૪૨ બાલ અને તરૂણ સ્વયંસેવકો દ્વારા શિસ્તબદ્ધ રીતે ઘોષ - બેન્ડ સાથે ચાર તતી- લાઈનમાં પંથ સંચલન- પરેડ યોજવામાં આવી હતી. પંથ સંચલન બાદ યોજાયેલા 'વર્ષ પ્રતિપદા ઉત્સવ' કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આદ્ય સ્થાપક અને પ્રથમ સર સંઘચાલક ડૉ. કેશવરામ બલિરામ હેડગેવારના તૈલચિત્રને તેમના જન્મ દિવસ નિમિત્તે સ્વંયસેવકો દ્વારા આદ્ય સર સંઘ ચાલક પ્રણામ આપવામાં આવ્યા હતા. જે વર્ષમાં એકવાર જ તેમના જન્મ દિવસે આપવામાં આવે છે. આ ઉત્સવ નિમિત્તે ઈજીજી ગુજરાતના પ્રાંત કાર્યકારણી સદસ્ય શ્રી જશુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારતભરમાં લાગતી ઈજીજીની દૈનદીન શાખાઓમાં સંસ્કાર સિંચન અને વ્યક્તિ ઘડતરનું નિર્માણ કરવામાં આવે છે. સંસ્કાર અને વ્યક્તિ ઘડતર થકી જ રાષ્ટ્ર નિર્માણનું કાર્ય શક્ય બનશે જેના આધારે ભારતને વિશ્વમાં 'પરંમ વૈભવ'ના સ્થાને બિરાજમાન કરી શકીશું. ભારતભરમાં ઉજવાતા વિવિધ પ્રકારના ઉત્સવો હિન્દુ સમાજને ધર્મ સાથે જોડવાનું કામ કરે છે. તેમણે કહ્યું હતું કે ડૉ. સાહેબે વર્ષ ૧૯૨૫માં હિન્દુ સમાજના સંગઠન માટે શરૂ કરેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આગામી વર્ષ ૨૦૨૫માં સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે એટલે આપણે સૌએ સંઘ કાર્યના વિસ્તાર માટે વધુ વધુને સમય આપવો પડશે. આપણે સૌએ દરેક ગામ- વસ્તી- વિસ્તાર અને સમાજ- વ્યક્તિ સુધી શાખા કાર્ય પહોંચાડવાનો સંકલ્પ કરીને ૧૦૦ વર્ષ એટલે કે શતાબ્દીની ઉજવણી કરવાની છે તેમાં સહભાગી થવા શ્રી ચૌધરી આ પ્રસંગે સૌને આહવાન કર્યુ હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત પ્રાંતના માન. સંઘ ચાલક ડૉ. ભરતભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના સંઘ ચાલક શ્રી હર્ષદભાઈ પટેલ,નગર સંઘ ચાલક શ્રી શંકરભાઈ ચાવડા સહિત કુલ ૩૮૪ સ્વંયસેવકો સહભાગી થયા હતા.

**રૂપીયા આપો તો બાળક આપીએ**

# સિવિલમાં ઉઘરાણા પ્રથા કયારે નાબુદ થશે



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગાયનેક વિભાગમાં રૂપીયા ઉઘરાવતા હોવાનું ફરીવાર ભુત ધુણ્યું છે. હોસ્પિટલમાં ખાનગી એજન્સીમાં કામ કરતા મહિલા કર્મચારી ખુદ રૂપીયા ઉઘરાવી રહ્યા છે. બાળક જન્મ બાદ રૂપીયા આપો પછી જ બાળક પરિવારને સોંપવામાં આવતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.ત્યારે સિવિલના સત્તાધિશો દ્વારા મહિલા કર્મચારીને તાત્કાલીક અસરથી હાંકી કાઢવામાં આવે તેવો શુર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આરોગ્ય ક્ષેત્રે હરણફાળ ભરી રહી છે. સિવિલમાં આવતા દર્દીઓની સંખ્યામાં પણ નોંધનીય છે. ત્યારે હાલ સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને ટ્રોમાં સેન્ટરનું કામ પુરજોશમાં શરુ છે. જયારે સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવામાં વધારો થવા પામ્યો છે. તાવ થી માંડીને ડાયાલીસીસ અને કિમોથેરાપીનું પણ કામ શરુ થયું છે. ત્યારે તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગાયનેક વોર્ડમાં ફરીવાર સ્ટાફની મહિલા કર્મચારી દ્વારા રૂપીયા ઉઘરાવતા હોવાનું સામે આવ્યું છે. મહિલા દર્દીના સગા પાસેથી રૂ. ૫૦૦ થી લઈ રૂ.૨૦૦૦ સુધી ઉઘરાણુ કરવામાં આવે છે. આ ઉઘરાણાની સિસ્ટમ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહી છે. તેમ છતા સિવિલના સત્તાધિશો આ મુદ્દે આંખ આડા કાન કેમ કરે છે. આ ઉઘરાણાની સિસ્ટમથી હોસ્પિટલની છબી ખરડાઈ રહી છે. સિવિલમાં તાત્કાલીક અસરથી આ પ્રથા નાબુદ થાય તે માટે મહિલા કર્મચારીને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છે કે આ ઉપરાંત કેટલાક મહિલા કર્મચારીઓ નાના બાળકોના કપડાનો પણ બિઝનેસ કરતા હોય છે. નવજાત બાળકના કપડા પણ તેઓની પાસેથી જ ખરીદવા માટે દર્દીના સગાઓને મજબુર કરે છે. ત્યારે નોકરી દરમિયાન કપડાનો વેપાર કરતા મહિલા કર્મચારીઓ સામે પણ સિવિલ તંત્ર દ્વારા લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવે માંગ ઉઠી છે.

# આરસીપીએલએ હોમ અને પર્સનલ કેર રેન્જ સાથે પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યુ

**બાથ, હાઈજીન, લોન્ડ્રી, હોમ કેર અને અન્ય કેટેગરીમાં ઉત્પાદનો માટે અલગ બ્રાન્ડ લોન્ચ કરી**

ગાંધીનગર, તા.૨૨

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડ (RRVL)ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અને એફએમસીજી શાખા રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (RCPL)એ તેના હોમ અને પર્સનલ કેર ઉત્પાદનોની શ્રેણીના લોન્ચ સાથે તેના એફએમસીજી પોર્ટફોલિયોના વિસ્તરણની જાહેરાત કરી છે. આ પોર્ટફોલિયોમાં ગ્લીમર બ્યુટી સોપ્સ, ગેટ રિયલ નેચરલ સોપ્સ, પ્યુરિક હાઈજીન સોપ્સ, ડોઝો ડીશવોશ બાર અને લિક્વિડ, હોમગાર્ડ ટોઈલેટ અને ફ્લોર ક્લીનર્સ તથા એન્ઝો લોન્ડ્રી ડિટર્જન્ટ પાવડર, લિક્વિડ અને બારનો સમાવેશ થાય છે. આ લોન્ચ અંગે બોલતાં આરસીપીએલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમારી મહત્વાકાંક્ષા દરેક ભારતીય ઘરને વાજબી ભાવે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મેળવવામાં મદદ કરવાની છે. હોમ અને પર્સનલ કેર પ્રોડક્ટ્સની આ શ્રેણી શ્રેષ્ઠ ફોર્મ્યુલેશન સાથે શ્રેષ્ઠ અસરકારકતા ધરાવે છે. "રિયલ ઈન્ડિયા"ના ગ્રાહકોની સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને આ ઉત્પાદનો તૈયાર કરવામાં આવ્યા છે." આરસીપીએલ દ્વારા આઈકોનિક બેવરેજ બ્રાન્ડ કેમ્પાના પુનઃલોન્ચ સાથે સુસંગત પોર્ટફોલિયોનું આ વિસ્તરણ ભારતીય ગ્રાહકોને પોસાય તેવા ભાવે ઉચ્ચ ગુણવત્તાના એફએમસીજી ઉત્પાદનો પૂરા પાડવાના કંપનીના ઉદ્દેશ્યને વધુ દૃઢ બનાવે છે અને તેને આગળ ધપાવે છે. કરિયાણા સ્ટોર્સ સહિત તમામ રિટેલર્સ ભારતીય ગ્રાહકોની રોજિંદા જરૂરિયાત ઉત્પાદનોની વિશાળ શ્રેણી ઓફર કરી શકે તે રીતે તેમને સક્ષમ બનાવવા માટે આ ઉત્પાદનો હવે તમામ ચેનલો પર ઉપલબ્ધ થશે. દાખલા તરીકે ગ્રાહકો ગ્લિમર સાથે પોસાય તેવા ભાવે તાજગીભર્યા સ્નાનના અનુભવને વધુ બહેતર કરી શકે છે, જે મેન્ડેટરી ૭૬% કુલ ફેટી મેટર (TFM) સાથે ગ્રેડ-૧ સાબુ કેટેગરીમાં હોય તેવા વાસ્તવિક અને પ્યુરિક સાબુ છે. આ સાબુ વિવિધ ઉત્તેજક સુગંધ ધરાવે છે. ગ્લિમરમાં રોઝ, જાસ્મીન, લવન્ડર અને ફ્લોરલ બર્સ્ટ વેરિઅન્ટનો સમાવેશ થાય છે. ગેટ રિયલમાં ચંદન, લીમડો અને મિશ્ર હર્બ્સ છે, જયારે પ્યુરિકમાં એક્ટિવ પાવર અને ટર્મરિક એલો છે. એ જ રીતે, બાયો-એન્ઝાઈમ્સ સાથેના તેના અનન્ય ૨૮ પાવર વોશ ફોર્મ્યુલા સાથે ડોઝો ડિશવોશ લિક્વિડ ડિશવોશિંગને સરળ બનાવવા માટે સખત ડાઘને દૂર કરવામાં મદદ કરે છે. ડોઝોનો હેતુ લાખો ગ્રાહકોને કંટાળાજનક અને સમય માંગી લેતા વાસણ ધોવાના કામોમાંથી મુક્ત કરવાનો છે, જેથી તેમને જીવનમાં અન્ય મહત્વના કામ કરવા માટે સમય મળે. ઉપરાંત આરસીપીએલ હોમગાર્ડ બ્રાન્ડ હેઠળ એન્ઝો સ્માર્ટવોશ બ્રાન્ડ હેઠળ લોન્ડ્રી ડિટર્જન્ટ (બાર, પ્રવાહી અને પાવડર) સાથે ટોયલેટ અને ફ્લોર ક્લિનર્સની અત્યંત અસરકારક શ્રેણી લોન્ચ કરશે. કંપની તેના વૈવિધ્યપૂર્ણ એફએમસીજી પોર્ટફોલિયોને વધુ મજબૂત કરવા માટે આગામી મહિનાઓમાં સમગ્ર ભારતમાં ઓમ્ની-ચેનલ ડિસ્ટ્રિબ્યુશન દ્વારા આ લોન્ચને આક્રમક રીતે આગળ વધારવાની યોજના ધરાવે છે જેમાં સોસિયો હજૂરીની હેરિટેજ બ્રાન્ડ્સ, લોટસ ચોકલેટ્સની કન્ફેક્શનરી રેન્જ, શ્રીલંકાની અગ્રણી બિસ્કિટ બ્રાન્ડ માલિબન તેમજ દૈનિક આવશ્યક વસ્તુઓની તેની પોતાની બ્રાન્ડ્સ ઈન્ડિપેન્ડેન્સ અને ગુડ લાઈફ તથા અન્યનો સમાવેશ થાય છે.

# ચિલોડા સર્કલમાં ટ્રક ઘુસી જતાં ઈકોગાડીને અકસ્માત નડયો



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે ગાંધીનગર તરફથી ચિલોડા આવતી ટ્રક ચિલોડા સર્કલમાં ઘુસી જતાં નરોડાથી હિંમતનગર જતી ઈકોવાન અથડાતા ઈકોચાલકને ફેક્ચર થતાં ઈજા થવા પામી છે. અને બન્ને વાહનને નુકશાન પહોંચવા પામ્યું હતુ. અકસ્માત સ્થળે ચિલોડા પોલિસે ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી.